# અરુણોદય

વર્ષ - ૨ અંક - ૧૦ ઓગષ્ટ - ૨૦૨૩

myvadgam@gmail.com nitesh.l.patel 9429407732

**લેખ by - Arnaz Khan**
**સંદર્ભ - વિકલ્પ સંગમ**

## પ્રકૃતિને જોવાથી, પક્ષીઓને જોવાથી, તેમના અવાજો સાંભળવાથી આરામ અને શાંતિ મળે છે.

**"જંગલો, પર્વતો, નદીઓ, ખાબોચિયાં, તળાવો અને વૃક્ષો અને છોડની હરિયાળી હંમેશા માણસને પોતાની તરફ આકર્ષિત કરે છે. જ્યારે પણ તણાવ અને ઉદાસી હોય છે ત્યારે માણસ પ્રકૃતિ તરફ ખેંચાય છે. કુદરતને જોવું, પક્ષીઓને જોવું, તેમનો અવાજ સાંભળવો એ પણ ખૂબ જ આરામદાયક છે. તે બાળકોને તેમજ વડીલોને શીખવે છે, સંવેદનશીલ બનાવે છે. આ કહેવું છે નાગપુરના પક્ષી પ્રેમી ડો.લોકેશ તમગીરેનું.**



લોકેશ તમગીરે જણાવે છે કે થોડા વર્ષો પહેલા જ્યારે તે છત્તીસગઢમાં જન સ્વાસ્થ્ય સહયોગ સંસ્થામાં કામ કરતો હતો, ત્યારે તેણે જંગલમાં ફરવાનું, પર્યાવરણ સાથે જોડાવા, પક્ષી નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું. આ સંસ્થા આરોગ્ય ક્ષેત્રે કામ કરે છે અને તેના ઉપ-કેન્દ્રો અચનાકમાર વન્યજીવ અભયારણ્ય નજીક શિવતરાય અને બામહાની ગામોમાં છે. આ ગામોનો રસ્તો જંગલની વચ્ચેથી પસાર થાય છે. બામણી જવાના માર્ગ પર મણિયારી નદી પણ દરરોજ વહે છે. બિલાસપુર જિલ્લાના અચનાકમાર અભયારણ્યમાં ગાઢ જંગલ છે, ઘણા રંગબેરંગી પક્ષીઓ પણ છે.

તે આગળ જણાવે છે કે આ પછી તેણે મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં લોક બિરાદરી પ્રકલ્પ હેમલકાસામાં કામ કર્યું. આ સંસ્થા જાણીતા સામાજિક કાર્યકર ડૉ. પ્રકાશ આમટે અને તેમના પત્ની ડૉ. મંદાકિની આમટેની છે. સ્વાસ્થ્ય ઉપરાંત સામાજિક ક્ષેત્રે પણ તે અનેક કાર્યો કરે છે.

તેણે કહ્યું કે એક દિવસ જંગલમાં સાયકલ પર ફરતા હતા ત્યારે અચાનક તેને પીળા રંગનું પક્ષી દેખાયું, જેને અંગ્રેજીમાં ગોલ્ડન ઓરિઓલ (પિલક) કહે છે. તે ખૂબ જ આકર્ષક અને સુંદર હતી. આનાથી પક્ષી નિરીક્ષણમાં તેમનો રસ વધ્યો. દરરોજ સવારે અને સાંજે ચાલો. સાયકલ અને કેમેરા સાથે બહાર નીકળવું, ફોટોગ્રાફ્સ લેવા અને પક્ષીઓને ઓળખવા એ નિત્યક્રમનો એક ભાગ બની ગયો.

લોકેશ કહે છે કે તેણે લોક બિરાદરી પ્રકલ્પ શાળાના વિદ્યાર્થીઓ અને સંસ્થાના કાર્યકરો વચ્ચે પક્ષીઓ વિશે કહેવાનું શરૂ કર્યું. સામાજીક કાર્યકર ડો. પ્રકાશ આમટેની સાથે સાથે અનેક પક્ષીઓ પણ જોયા અને પ્રકૃતિ, આસપાસના અને પર્યાવરણ વિશેના તેમના વિચારો જાણ્યા અને તેમની સાથે ચર્ચા કરી.

તે વધુમાં જણાવે છે કે તે હેમલકસામાં લગભગ બે વર્ષ રહ્યો. આ દરમિયાન ત્યાંના પક્ષીઓ વિશે 4-5 વીડિયો બનાવ્યા, જેની ખૂબ પ્રશંસા થઈ. વર્ષ 2018 થી યુટ્યુબ પર વિડિયો મૂકવાનું શરૂ કર્યું. દરમિયાન 94-95 પક્ષીઓની ઓળખ કરવામાં આવી હતી. જંગલમાં પક્ષીઓને નુકસાન ન થાય તે અંગે સમાજ સાથે ચર્ચા કરવામાં આવી હતી. ત્યાંના આદિવાસી સમાજનો પ્રકૃતિપ્રેમ પણ પ્રેરણાસ્ત્રોત બન્યો.
વર્ષ 2019 માં, સેવાગ્રામ વર્ધા આવ્યા. આ ગાંધીજીનું કાર્યસ્થળ છે. ગાંધીજીના વિચારોથી પ્રેરિત. પ્રકૃતિ, પર્યાવરણ અને જૈવવિવિધતાનું સંરક્ષણ પણ આ પહેલમાં ઉમેરવામાં આવ્યું હતું. આ પછી કોવિડ-19નો યુગ આવ્યો. દેશવ્યાપી તાળાબંધી હતી. આ દરમિયાન તેમણે 'ભારતના બર્ડમેન' પ્રખ્યાત પક્ષીશાસ્ત્રી સલીમ અલીના પુસ્તકો વાંચ્યા. અહીં વ્યવસ્થિત રીતે વીડિયો બનાવવાનું શરૂ કર્યું. સેવાગ્રામ મેડિકલ કોલેજ પાછળ આરોગ્યધામ કોમ્પ્લેક્સ, ડોક્ટર્સ કોલોની, MIDC વિસ્તાર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પક્ષીઓના ફોટા અને વીડિયો બનાવવાનું શરૂ કર્યું. આ દરમિયાન 97 જેટલા પક્ષીઓ જોયા.





દરમિયાન, તેની પુત્રી 3 વર્ષની થઈ, તે તેણીને સાયકલ પર ફરવા લઈ જતો હતો. તેને પક્ષીઓ જોવાનું અને તેમના અવાજો સાંભળવાનું પસંદ હતું. 3 વર્ષની ઉંમરે તે 7-8 પક્ષીઓના અવાજો ઓળખી શકતી હતી. તેમને એ પણ સમજાયું કે બાળકોના વિકાસમાં પક્ષી નિરીક્ષણ ખૂબ જ મદદરૂપ છે. તે તેમને સંવેદનશીલ બનાવે છે. અત્યાર સુધી તે 50 પક્ષીઓના પોકાર સાંભળીને ઓળખતા શીખી ગયો હતો.
લોકેશ તમગીરેએ જણાવ્યું કે વર્ષ 2021માં તે નાગપુર AIIMSમાં આવ્યો હતો. અહીં, એઈમ્સના સામુદાયિક આરોગ્ય વિભાગમાં જોડાઈને, તેમણે આદિવાસી પ્રભુત્વવાળા વિસ્તારોમાં કામ કરવાનું શરૂ કર્યું. મિહાન વિસ્તાર, તળાવના કાંઠા, રસ્તાની બાજુમાં, અંબાજીરી પાર્ક, બાયોડાયવર્સિટી પાર્ક, દહેગાંવ તળાવ, ગોરવાડા બાયોડાયવર્સિટી પાર્ક, મહારાજા બાગ, રામટેકનું પેંચ જંગલ, એઈમ્સની બાજુમાં જેવા ઘણા સ્થળોએ પક્ષી જોવાનું અને ઓળખવાનું ચાલુ રહ્યું.
આ દરમિયાન પક્ષીઓની વર્તણૂક, પક્ષીઓના કુદરતી રહેઠાણનો અભ્યાસ કર્યો. તેઓ કેવી રીતે રહે છે, પાણીના લોકો, ઘાસના લોકો, સ્થળાંતર કરનારા, ગાઢ જંગલોમાં રહેતા, નદી કિનારા, શહેરી વિસ્તારોમાં રહેતા, મોસમી પક્ષીઓ વગેરેનો પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો. બંને જળચર અને પાર્થિવ પક્ષીઓ જોયા. આ સાથે સંવર્ધન, રંગ વગેરેની માહિતી પણ એકત્ર કરવામાં આવી હતી. પક્ષીઓના જ્ઞાનમાં સુધારો થયો. અહીં લગભગ 40-50 વીડિયો બનાવ્યા છે અને અત્યાર સુધીમાં 150 વીડિયો બનાવ્યા છે. 50 પક્ષીઓના અવાજ સાથે વિડિઓ બનાવ્યો.
લોકેશ તમગીરે પણ વન વિભાગ દ્વારા પક્ષી ગણતરીમાં જોડાયા છે.મહારાષ્ટ્રના પેંચ ટાઈગર રિઝર્વમાં બે વખત પક્ષી ગણતરી, મેલઘાટ ટાઈગર રિઝર્વમાં પક્ષી ગણતરી, એશિયન વોટર બર્ડ સર્વે, અચનકમર ટાઈગર રિઝર્વ, નિસર્ગાનુભવ (બુદ્ધ પૂર્ણિમા) વગેરેમાં પક્ષી ગણતરીમાં ભાગ લીધો છે.

આ તમામ પક્ષીઓની ગણતરીનો વીડિયો પણ બનાવવામાં આવ્યો છે, જેને વનવિભાગે બિરદાવ્યો છે. તાજેતરમાં સેવાગ્રામની નયી તાલીમ શાળાના શિવારથી બાળકોને પ્રકૃતિની સફર પર લઈ ગયા અને ત્યાંના પક્ષીઓ વિશે જણાવ્યું. હવે તે પક્ષીઓ વિશે જાગૃતિ લાવવાનું કામ કરી રહ્યો છે. શાળાના બાળકો તરફથી સમાજમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સોશિયલ મીડિયા, ખાસ કરીને યુટ્યુબ ચેનલ દ્વારા સતત સક્રિય. તેમની સાથે સેંકડો લોકો જોડાયેલા છે.

**પક્ષીઓ પણ આપણી જેમ પ્રકૃતિનો એક ભાગ છે. પરંતુ આ દિવસોમાં તેઓ મુશ્કેલીમાં છે, આબોહવા પરિવર્તનથી ગરમી વધી છે, જે તેઓ સહન કરી શકતા નથી, શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણને કારણે તેમના કુદરતી રહેઠાણો ખતમ થઈ રહ્યા છે. વૃક્ષો અને છોડ પણ હવે ઘણા ઓછા થઈ ગયા છે. તેથી જ તેમની સુરક્ષાની જરૂર છે.**

પરાગનયનમાં, ખાદ્ય શૃંખલામાં, પાકના જીવાત નિયંત્રણમાં પક્ષીઓ ખૂબ જ ઉપયોગી છે. પક્ષીઓ પણ જંગલ વધારવામાં ફાળો આપે છે. ઘણા વૃક્ષોના બીજ પક્ષીઓ ખાય છે અને તેમના મળ દ્વારા આ બીજ જમીનમાં ભળી જાય છે, જ્યારે ભેજ મળે છે, ત્યારે તે અંકુરિત થાય છે. આ રીતે એક નવું વૃક્ષ બને છે. પક્ષીઓનું મળમૂત્ર ખેતરોને ફળદ્રુપ બનાવે છે. કાગડા, ગરુડ અને ગીધ સારા સફાઈ કામદારો તરીકે કામ કરે છે.

પક્ષીઓના અવાજો, પક્ષી સંગીત વ્યક્તિના મૂડ, માનસિક સ્વાસ્થ્ય અને શરીર પર સ્પષ્ટપણે હકારાત્મક અસર કરે છે. ઘણી જગ્યાએ એવું જોવામાં આવ્યું છે કે તે તણાવ, ચિંતા અને હતાશાને ઘણી હદ સુધી ઘટાડે છે. આ કારણોસર આજકાલ માનસિક સ્વાસ્થ્ય માટે 'બર્ડસ સાઉન્ડ થેરાપી'નો ઉપયોગ કરવામાં આવે છે.





ચાતક જેવા યાયાવર પક્ષીઓ હવામાનની આગાહી કરવામાં મદદ કરે છે. તેમના માળાઓ જોઈને પણ વરસાદની આગાહી કરવામાં આવે છે. વર્તમાન સમયમાં પ્રાકૃતિક ઈકો-ટૂરિઝમની દૃષ્ટિએ પણ પક્ષીઓનું મહત્ત્વ વધી ગયું છે. રાજસ્થાનનું ભરતપુર પક્ષી અભયારણ્ય આનું ઉત્તમ ઉદાહરણ છે.

એકંદરે, પક્ષી નિરીક્ષણ ઘણી રીતે ઉપયોગી છે. આનાથી આસપાસના વાતાવરણ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ તો વધે જ છે, પરંતુ પક્ષીઓ પ્રત્યે પ્રેમ અને સંવેદનશીલતા પણ વધે છે. આ માત્ર જૈવવિવિધતા અને પર્યાવરણના સંરક્ષણમાં જ મદદ કરતું નથી, પરંતુ ટકાઉ વિકાસના પરિપ્રેક્ષ્યને પણ મજબૂત બનાવે છે. બર્ડ મ્યુઝિક માનસિક સ્વાસ્થ્યમાં પણ મદદરૂપ છે.

ખાસ કરીને, હવામાન પરિવર્તનના યુગમાં આ પહેલ ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે, જ્યારે ગરમીના કારણે પક્ષીઓનું જીવન જોખમમાં હોય, પીવા માટે પાણીની અછત હોય ત્યારે પક્ષીઓ પ્રત્યેની જાગૃતિ સાર્થક અને ઉપયોગી છે. આ પહેલ પ્રશંસનીય અને અનુકરણીય પણ છે.

# વડગામ તાલુકાના પેપોળ ગામનું પૌરાણિક જળ મંદિર.





વડગામ તાલુકા મથક વડગામ બાદ વડગામ તાલુકાના પેપોળ ગ્રામે પ્રાચીન જળમંદિરના (વાવ) આવેલી છે. જો કે અત્યારે તો એ જર્જરીત અવસ્થામાં છે અને માત્ર કુવા સ્વરૂપે જ હયાત છે . મુખ્ય રોડથી કુવા સુધીના પગથીયા જમીનની અંદર ધરબાઈ ચૂકયા છે એવું સ્થાનિક વડીલ પાસેથી જાણવા મળ્યું. આ પ્રાચીન વાવમાં એક શિલાલેખ હતો જે અત્યારે કોઈ કારણોસર હયાત નથી અથવા તો માટીમાં પુરણ થઈ ચૂક્યો છે એમા એ વખતે ગાયકવાડી શાસનની હદ પેપોળ સુધી હતી એવો ઉલ્લેખ હતો એવું સ્થાનિક વડીલશ્રીએ અમને જણાવેલ. છેલ્લે વાવ (Step well) ના આ કુવામાંથી કોહ હાંકી ને પાણી મેળવવામાં આવતું. આ વાવની જાણકારી તે સમયે નવાબ સાહેબ ને થતાં તેઓ ખાસ આ વાવ (જળ મંદિર)ની મુલાકાતે આવ્યા હતા અને ગામલોકો દ્વારા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
અમારા પંથકમાં વડગામ બાદ પેપોળ ગ્રામમાં અતુલ્ય વારસા સમાન જળમંદિર છે એ જાણી વિશેષ આનંદ અનુભવ્યો. વડગામ તાલુકાના કોદરામ અને રૂપલ ગ્રામમાં પણ જળમંદીર આવેલું છે એવી જાણકારી મળી છે માહિતી ફરી કોઈ વખત મેળવીશું.

દરમિયાન પુરાતત્વ વિભાગે અમુલ્ય ધરોહર સમાન જળમંદીરોને રીનોવેશન કરાવી પ્રજાજનોને આપણા જળસ્રોતો પૈકી એક એવા આવા જળમંદિરોની ઓળખ ફરી પ્રસ્થાપિત કરવાની આવશ્યકતા છે.

# કરોડોમાં એક......ક્યારેક !



વડગામના બજારમાં રામચંદભાઈ દરજી ઝભ્ભા અને ગાંધી ટોપીના સ્પેશ્યાલીસ્ટ ગણાતા હતા.એક દિવસ એમની દુકાનમાં પરસેવે રેબઝેબ એવી એક ખાદીધારી વ્યક્તિ આવી.આવતાં જ લાગલું કહ્યું."આ જોને ભાઈ રામચંદ ! આ ઝભ્ભો પીઠેથી અને બાંયેથી ફાટીગયો છે.લે સહેજ થીગડાં મારી દે"કહીને આવનારે ખાદીનો ઝભ્ભો કાઢીને આપ્યો.રામચંદ દરજી થીગડા ગોતવાની વેતરણમાં પડ્યા.સફેદ કપડામાંથી કાપવા જાય છે ત્યાં "અરે હા...હા." કરતાં રામચંદભાઈના હાથ પેલી વ્યક્તિએ પકડી પાડ્યા. "કેમ ?" "અરે થીગડાં પણ ખાદીના જ જોઈએ ! " "એ ક્યાંથી લાવવાં?"ને પેલા ગ્રાહકને ચમકારો થયો.તેણે શરીરે લપેટવા એક ટુવાલ મંગાવ્યો.ટુવાલ કમરે વીંટી તેમણે ધોતિયું કાઢી રામચંદને કહ્યું."લે ભાઈ ! આ ધોતિયાને છેડેથી થીગડાં માટે એક સળંગ ચીંથરું કાપી ઝભ્ભાને થીંગડાં મારી આપ." ને રામચંદભાઈએ પેલી વ્યક્તિના સૂચન પ્રમાણે સંચાની મદદથી ઝભ્ભાને થીંગડાં મારી આપ્યાં,જે પહેરીને તૈયાર થઈને પેલી વ્યક્તિએ લાગલી જ ચાલવા લાગી.ને રામચંદભાઈ પણ 'એ આવજો,ગલબાભાઈ !' કહીને સંચો ફેરવવા લાગ્યા.

પેલા સંચાવાળા રામચંદભાઈ દરજી છેલ્લે વડગામમાં જુની પોલીસ કચેરી સામેની દુકાનમા કપડા સેવી રહ્યા હતા,આજે એમના દિકરા કામ કરે છે.પેલા ગલબાભાઈ નામના મુરબ્બી એટલે આપણા સ્વ.ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ! એ વખતના વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ અને પછીથી બનાસડેરીના આદ્યસ્થાપક ગલબાભાઈ એટલે બનાસકાંઠાના ખેડૂતો નહિ પણ તમામ લોકોના હમદર્દ ! તેઓ બોમ્બે સ્ટેટ સમયે (ત્યારે ગુજરાત રાજ્ય અલગ નહોતું પડયું) ધારાસભ્ય તરીકે પણ રહી ચૂકેલા.

બનાસકાંઠાની ધૂળમાં પાકેલું એ અણમોલ રતન મુંબઈ રાજ્ય વખતે મુંબઈમાં સ્થિત હતું.બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી તરીકે તેમણે 'બનાસડેરી' પાલનપુરમાં શરૂ કરી તે પહેલાં તેમણે મુંબઈમાં પોતાની આગવી 'બનાસ ડેરી' થોડીક ભેંશો રાખી ઉભી કરી હતી.પણ ધંધાઓમાં તેમની સચ્ચાઈ અને ન્યાયપ્રિયતા હંમેશાં નડતી રહી હતી તેમ અહિં પણ નડી અને તેથી ઘણું આર્થિક નુકશાન થયેલું.તેથી વતનમાં યુવાવસ્થાએ કરેલા ધંધાઓમાં જેમ ખોટ આવી પડેલી તેમ મુંબઈમાં પણ બન્યું.

**પ્રજાવત્સલ્ય સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ આજીવન લોક્સેવામાં પોતાનું સમ્પૂર્ણ જીવન વ્યતિત કર્યું હતું અને એ સમયના પછાત ગણાતા બનાસકાંઠાને બેઠો કરવા માટે ભગીરથ કાર્યો કર્યા હતા .**

ગલબાભાઈ કોઈપણ ધંધો કરતા ત્યારે પોતાના 'લાભ' નું ન વિચારતા 'સામા માણસને નુકશાન ન થવું જોઈએ' એ ખ્યાલ રાખતા.એથી ઘણા ધંધા કર્યા છતાં કોઈ પણ ધંધામાં લાગ્યા નહોતા.એમને હંમેશા ઘરનો માલ વેચીને ખોટ ખાવી પડતી.

તેમન મુંબઈ નિવાસ સમયે અવાર-નવાર વતનમાં આવે જતાં.તેઓ 'રાજકારણી' હોવા કરતાં 'સમાજસેવી' વધુ પ્રમાણમાં હતા.મુંબઈમાં હતા ત્યારે એમને ત્યાં મહેમાન બનીને મિત્ર તરીકે (હાલના વડગામ લક્ષ્મણપુરાના સર્જક) શ્રી લક્ષ્મણભાઈ હાથીભાઈ ધુળીયા ગયેલા.મુરબ્બી લક્ષ્મણભાઈ હાથીભાઈ ધુળીયા એ વખતે ઓઈલ એન્જિનના હોંશિયાર કારીગર હતા.બનેં સાથે રહેતા.એકવાર શ્રી ગલબાભાઈને ત્યાં વતનથી સમાચાર ગયા કે તેમને ઘેર પુત્રીરત્નનો જન્મ થયો છે.થોડાક સમય પછી લક્ષ્મણભાઈ હાથીભાઈ ને પણ સમચાર મળ્યા કે તેમને ઘેર દિકરો અવતર્યો છે.બનેં જણા હરખાયા અને પરસ્પર પ્રેમથી હાથ મિલાવીને મુંબઈમાં જ 'વેવાઈ' બની ગયાં.જેમનું વેવિશાળ યાને સગપણ થયું એ બાળકો શાંન્તાબેન અને કાનજીભાઈ નળાસર અને વડગામમાં પારણિયે ઝુલતાં હતાં ! એ વખતે આપણા સમાજના લગ્ન અને રીતરિવાજો  જ એવા હતાં.પછી તો બંને થોડાક સમજણાં થયાં હશે એટલે લગ્ન પણ થઈ ગયાં.હાલ એ યુગલના ત્રણ સંતાનો અભાયસ કરી રહ્યા છે.બધાંય સ્કોલર છે.મૂળે બે ય લોહી સંસ્કાર ખરાં ને? સ્વ.ગલબાભાઈના એક પુત્ર વાઘજીભાઈ 'બનાસ ડેરી'માં અધિકારી તરીકે કામ કરી ચૂક્યા છે અને તેઓ પણ નિતિપૂર્ણ જીવન જીવી ગયા અને નોકરી માંથી નિવ્રુત થયા બાદ થોડાક વર્ષો પછી સ્વર્ગે સિધાવ્યા છે.બીજી બે દિકરીઓ શાળામાં શિક્ષિકાઓ હતી અને આજે નોકરીમાંથી નિવ્રુતિ લીધા બાદ પોતાના પરિવાર સાથે સુખપૂર્ણ જીવન વિતાવી રહ્યા છે.સ્વ.ગલબાભાઈ એટલે એક સાદી નિરાડંબરી સેવાભાવી વ્યક્તિ.તેઓ ખાદીને વર્યા નહોતા પણ ખાદી તેમને વરી હતી.

આપણે આગળ જોઈ ગયા તેમ ધોતી, ઝભ્ભો અને ટોપી એ એમનો પહેરવેશ હતો.ગામઠી મોચીએ બનાવેલાં દેશી ચંપલ પહેરીને બને ત્યાં સુધી ચાલીને જ તાલુકા પંચાયત,જિલ્લા પંચાયત કે અન્ય સ્થળે જતા.તાલુકા અને જિલ્લાની પંચાયતોમાં વરસો સુધી પ્રમુખ તરીકે તેમણે સેવાઓ આપી હતી.ધરાસભ્ય તરીકે પણ અતિ લોકપ્રિય અને સેવાભાવી વ્યક્તિ તરીકે પૂજાતા.કોઈને લાંચ રુશ્વત લેવા દે નહિ પછી પોતે તો શાના લે ?એમની એ સેવાભાવનાથી ઘરના ચોપડાનું ખાતું જમા પાસા કરતાં ઉધાર પાસાની ખાસ તરફેણ કરતું.

ઋણ-રાહતનો કાયદો આવ્યો ત્યારે ગુજરાતના દેવાદાર ખેડૂતો વાણીયાઓના દેવામાંથી મુક્ત થઈ ગયા હતા.ગુજરાત વિધાનસભામાં કાયદો લાવનાર પણ ખાસ ગલબાભાઈ હતા.છતાં એમણે એમના માગતાદારોને હપ્તે હપ્તે તમામ ઋણ ચૂકવી આપ્યું હતું.તેમણે પોતે ઋણ મુક્તિ સ્વીકારી નહોતી.પોતે પહેરેલા ખાદીનાં કપડાંઓને ક્યારેય ગળી નહોતા કરાવતા કે ઈસ્તરી પણ નહિ.પછી તેમનાં અહિંસક ચમડાનાં ચંપલ બિચારાં પોલીશ પણ ક્યાંથી પામે?

ગલબાભાઈ ઘરના તમામ કામોમાં મદદ કરાવતા હતા.ખેતરમાં જાય ત્યારે ભેંશોનું છાણ ઉકરડામાં નાખવાનું કામ કરે.ભેંશોને પાણી પાય અને નવડાવે પણ ખરા.પશુઓ અને ખાસ કરીને ભેંશો માટે એમને અપાર પ્રેમ હતો.તેઓ ભેંશોના આબાદ પરખંદા કારીગર હતા.ઘેરથી ચાલતા ખેતરે જાય ત્યારે રસ્તામાં પડેલ પોયલા ઉપાડી ઉપાડીને ખેતરમાં નાખી દે.છાણનો અપવ્યય તેમને અકળાવતો.એકવાર એમના વેવાઈ (લક્ષ્મણભાઈ હાથીભાઈ ધુળીયા)એમને મળવા ગલબાભાઈને ગામ નળાસર ગયેલા.ત્યારે ગલબાભાઈ ખેતરમાં જઈને થોરિયાઓની વાડ સ્મારવાનું કામ કરતા હતા.વેવાઈ એમને મળવા ખેતરે ગયા તો તેમને પણ થોરિયાઓની વાડ બનાવવાના કામમાં લગાડી દીધા ! બનેંએ ખેતરની સરસ વાડ બનાવી દીધી.આ હતી એમની પરોણાગતની પદ્ધતિ.તેઓ પોતે પણ કોઈ સગાને ત્યાં જાય તો સગો જે કામ કરતો હોય તે કામમાં જોડાઈ જાય.પછી નિરાંતે વાતો કરે અને મહેમાનગીરી પણ માણે.આપણા લક્ષ્મણભાઈ હાથીભાઈ ધુળીયા કહેતા."ગલબાભાઈને ચેણાની ઘેંશ અને દૂધ ખુબ ભાવતાં.તે સમયે ચેણાંની ઘેંશ અને ભેંશનું દૂધ એ અમૃતોપમ આહાર હતા.

બાજરીનો રોટલો સાથે ગોળ-ઘી અને શાક તથા છૂટા તાંસળે (કાંસાનાં જ !) દૂધ,ઘી અને ઘેંશ એ ઉત્તમ આહાર હતો.એ આહારના આરોગનારા પણ કંચનવર્ણા અને તંદુરસ્ત હોય એમાં શું નવાઈ?આજે તો ચેણાના તાંદળાય ખોવાઈ ગયા છે.અછતના વર્ષોને પાણીની તંગીએ દૂધ એ માત્ર વેચવાની વસ્તુ રહી છે.જે ખેડૂતની આબરૂ જાળવી રહી છે.

ગલબાભાઈ ન હોત તો દુધની આટલી સુવ્યવસ્થિત મોટી ડેરી ન હોત,તો પાણીની તંગીના આ વર્ષોમાં ખેડૂતોની આબરૂનું શું થાત એ કોઈ કહી શકે તેમ નથી.એશિયા ખંડમાં દૂધની શ્વેતક્રાંતિમાં ભારત અગ્રેસર છે.ભારતમાં ગુજરાત અને ગુજરાતમાં બનાસડેરી પ્રથમ ચાર ક્રમમાં આવે છે.આજે બનાસડેરીના દુધનું માખણ Test of India તરીકે વિશ્વમાં પંકાવા લાગ્યું છે.ગલબાભાઈએ વણકરોની-હરીજનોની મંડળીઓ કરી હતી.એમણે સિંચાઈ માટે પાતાળકૂવાઓની સહકારી સિંચાઈ મંડળી ઉભી કરી હતી.એ અભણ ફરિસ્તાએ મનમાં ને મનમાં અનેક લોકોપયોગી યોજનાઓ ઘડી હતી.પણ એક દિવસ કાળ એમને આંબી ગયો.કદિ દવા ન લેનાર આ લોકસેવકને સામાન્ય દવાનું રીએક્શન આવ્યું અને એક ઢળતી સાંજે પાલનપુરમાંથી ગલબાભાઈની અંતિમ યાત્રા નિકળી.

ડાલાં કાઢી નાખેલી ખુલ્લી ટ્રકમાં લાખ્ખોનો એ મુકસેવક ખાદીની સફેદ ચાદર નીચે પોઢ્યો હતો અને એનો આત્મા અનંતની યાત્રાએ રવાના થઈ ગયો હતો.એ યાત્રામાં હું પણ જોડાયો હતો.ડીસાની કોલેજમાંથી મારા મિત્ર માનસિંહભાઈએ જેઓ દૂધ પરિવહનના કોન્ટ્રાક્ટર હતા.તેમને મળવા હું પાલનપુર આવ્યો હતો.ઓચિંતાના જ માનસિંહભાઈના ગુરુબંધુ શ્રી હરિસિંહભાઈએ રડતાં રડતાં મને ટુવાલ પકડાવી દીધો અને તેમની સાથે હું પણ પેલી વિરાટ સ્મશાન-યાત્રામાં જોડાઈ ગયો.શ્રી ગલબાભાઈ હવે સ્વ.ગલબાભાઈ થઈ ગયા હતાં આગળ ગલબાભાઈની અર્થી ટ્રકમાં મુકેલ હતી અને પાછળ.. પાછળ....હજારો રડતાં માનવીઓનો મહેરામણ ચાલ્યો આવતો હતો.અમે પગપાળા ચાલતા ચાલતા ગલબાભાઈના ગામે સૌની સાથે જતા હતા અને 'ગલબાભાઈ.....અમર રહો! ના નારા ગમગીન હૈયાઓ દ્વારા ગુંજતા હતા.રાત્રિના અંધારામાં વગડામાં ચિતા જલતી હતી અને હજારોની મેદની સુમસામ હતી.મેં મારી જીંદગીમાં પહેલીવાર જોયેલી એ વિરાટ સ્મશાન-યાત્રા હતી!જીવતાં કે મરતાં સૌ એમની સાથે હતું અને એ સૌની સાથે હતા,છ....તાં આગળ થઈ ગયા?ગલબાભાઈ તો ગલબાભાઈ જ હતા.હવે નવા ગલબાભાઈઓ ક્યાંથી પાકશે?એમણે ઉભી કરેલી એમની સ્મારકસમી ડેરી જોઈને જ આપણે તો મન વાળવું રહ્યું ! હજારોમાં નહિ, લાખ્ખોમાં નહિ......પ....ણ કરોડો માંનવીઓમાં ક્યારેક જ આવો એકાદ ઓલિયો સેવક પાકે છે.શ્રી ગલબાભાઈને લોકો 'બનાસકાકા'ના હુલામણા નામથી ઓળખતા હતા.તમને ગલબાભાઈની કોઈ જોડે સરખામણી કરવાની ઇચ્છા થતી હોય તો મહાત્મા ગાંધી,લાલબહાદુર શાસ્ત્રી કે રવિશંકર મહારાજ સાથે સરખાવી શકો.નળાસરના એ સપુતે સમગ્ર બનાસકાંઠાની ચિંતા સતત કરી હતી.એવું વિરલ માનવમોતી હવે આ ધરતીમાંથી નહિ જ જડે!

ગલબાભાઈ બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ હતા ત્યારની વાત છે.એક દિવસ એમની ઓફિસમાં જલોત્રાના એક પટેલે આવીને ફરિયાદ કરી કે,'કાકા,મારી ખેતી સૂકાય છે અને વિજળી ખાતાવાળા મારા ખેતરમાં ડી.પી.ગોઠવતા નથી કંઈક મદદ કરોને ?"લાગલો જ જવાબ મળ્યો!"લે હેંડ મારી સાથે વિજળીની ઓફિસમાં"ને પગરખાં ય પહેર્યા વિનાના ગલબાભાઈ ખેડૂતને લઈને વિદ્યુતબોર્ડની ઓફિસમાં પહોંચી ગયા.વિજળીવાળા સાહેબને પકડી તુરત જ ઓર્ડર કઢાવ્યો ને બીજા જ દિવસે પેલા ખેડૂતભાઈની મોટર ચાલુ થઈ ગઈ!

સાવ પાતળી દેહ્યષ્ટિ.માફકસરની ઉંચાઈ.ગંભીર ગામડિયા પટેલનો લાલ લાલ ચમકતી ચામડીવાળો ચહેરો.ચારે છેડે પહેરેલું ધોતિયું, ઝભ્ભો ને ગાંધી ટોપી.કોક વાર લાંબા ઝભ્ભા ઉપર જવાહર જેકેટ પણ હોય.સાચાબોલી આખાબોલી પ્રેમાળ ભાષા અને સ્મિતસભર ભાષાના મમતાળું શબ્દોથી સાંભળનાર તુરત જ તેમને વશ થઈ જાય તેવું વ્યક્તિત્વ ગલબાકાકાનું હતું.

૧૯૬૪ માં પાલનપુરના આચાર્ય યાજ્ઞિક  સાહેબની કેબીનમાં બેસીને હું કોલેજનું ટાઈમ ટેબલ ગોઠવતો હતો.ત્યાં ઓચિંતા ગલબાકાકા આવ્યા.પ્રિ.નટુભાઈ યાજ્ઞિકે  તેમની ઓળખાણ કરાવી અને એ બંને વાતો કરવા લાગ્યા.એ બે સાચુકલા માણસોની વાણીનું હું મુકભાવે અમૃત  પીતો હતો ત્યાં ગલબાભાઈએ વાત કાઢી કે મારે બનાસકાંઠામાં ડેરી કરવી છે.મારાથી વચ્ચે જ બોલાઈ ગયું."કાકા,આ માટે માનસિંહભાઈને મળોને?"કાકાને એ વાત ગમી ગઈ.તે અને માનસિંહભાઈ(દુધ સાગર ડેરી વાળા)મિત્રો જેવા જ હતા.તુરત યોજના બની ગઈ.ટાટાની બંધ પડેલી ઓઈલમીલની  વિશાલ જગ્યા ખાલી હતી.એક્વાયર થઈ.૧૯૬૬ માં ચિત્રોડા,મેમદપુર,સીસરાણા,ધોતા,સકલાણા,પાંચડા અને વડગામનાં આઠ ગામોનો દૂધનો સૌ પ્રથમ રૂટ શરૂ થયો અને દૂધ મહેસાણા સાગર ડેરીમાં જવા લાગ્યું.બીજી વહીવટી વ્યવસ્થા થવા લાગી અને ૧૯૬૯ના જાન્યુઆરીની ૩૧મી તારીખે 'બનાસડેરી'ની વિધિવત શરૂઆત થઈ ૧ લી નવેમ્બર ૧૯૬૯ થી બનાસડેરીનો વહીવટ શરૂ થયો.૧૯૭૧ માં બનાસનો ચીલીંગ પ્લાન્ટ શરૂ થયો.ત્યાર પછી ડેરી સાથેનો ગલબાભાઈનો પુરૂષાર્થભર્યો ઈતિહાસ સૌ કોઈ જાણે છે.બનાસડેરી જેવી સુંદર ડેરી અત્યારે જોઈને મને ભૂતકાળ યાદ આવે છે કે જ્યારે આ ડેરી નહોતી ત્યારે રેલ્વેના પાટે પાટે પડતર જગ્યાએ અમે અવાર-નવાર ફરવા જતા હતા.

એક હિન્દી કવિએ સાચે જ ગાયું છે કે,માણસની જીંદગીમાં જેમ વધુ ને વધુ દુઃખો અને કઠણાઈઓ પડે છે તેમ તેમ તેના જીવનનો ઈતિહાસ સુ-યશ બની જાય છે.માત્ર બે વરસની ઉંમરે ગલબાભાઈએ પિતા ગુમાવેલા અને અઢી વરસની ઉંમરે એમનાં માતા ગુજરી ગયેલાં અઢી વરસના ગલબાભાઈ-"માસુમ ગલબાભાઈ"અનાથ(!)બની ગયેલા વત્સલ કાકા-કાકીએ અને પછી મામા-મામીએ તેમની કાળજી રાખેલી.કાણોદરની પ્રાથમિક શાળામાં સાત ધોરણ સુધી ભણેલા અને ત્યાર પછી નાની ઉંમરે જ વાણીયાની દુકાનમાં"વગર પગારના વાણોતર થયેલા.મોટા થઈને લાકડાની 'લાટી'શરૂ કરેલી.પછી તો અનેક ધંધા અજમાવી જોયા પણ ગલબાભાઈએ અંતરની સચ્ચાઈ અને સ્વભાવની ઉદારતાને કારણે ક્યંય નફો ન કર્યો.બટાકાના વેપારમાં ય ખોટ ગઈ.ઈસબગુલની ઘંટીમાં પણ એવું થયું.મુંબઈમાં દૂધના સહિયારા ધંધામાં પણ ખોટ ! ગલબાભાઈ એ સત્ય ક્યારેય ન સમજ્યા કે "વેપારમાં સફળ થવું હોય તો અસત્યનો થોડોક તો આશરો લેવો પડે ! "ટૂંકમાં વેપારી જેને 'કુનેહ' કહે છે તે તેમનામાં નહોતી.

૧૯૪૨માં 'હિંદ છોડો' લડતમાં ગલબાભાઈએ મુંબઈ છોડ્યું અને વતનમાં આવ્યાં.ત્યાં આવી નવાબ સાહેબે ખેડૂતોના રોકડિયા પાક ઉપર નાંખેલા વેરાનો વિરોધ કરવા લોકો સાથે ચળવળ ચલાવી એ ઉપરાંત નવાબશ્રી દ્વારા નંખાયેલા ખંડણી,મલ્લવેરો,કોરડિયો ભોર,હાથી કડલ,મગબાફણું વગેરે ખેડૂતો ઉપરના વેરાઓ અને ભારણ બંધ કરાવ્યાં.

મહાત્મા ગાંધીની ૪૨ ની ચળવળ ચાલતી હતી.ગલબાભાઈ ગાંધીજીના રંગે રંગાઈ ગયા.એ વખતથી તેઓ બનાસકાંઠામાં એક સામાજિક નેતા તરીકે બરાબરના ઉભરી આવ્યા.આમ જનતાએ તેમના નેતૃત્વમાં પુરેપુરો વિશ્વાસ મૂક્યો હતો અને ગલબાભાઈ જેમ કહે અને જે કહે તે કરવા સૌ તૈયાર હતા.

૧૯૪૮માં તેઓ ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસમાં જોડાયા અને સહકારી પ્રવ્રુતિઓની શરૂઆત કરી અને છાપી મુકામે જિલ્લાની પ્રથમ સહકારી મંડળીની ૧૯૪૯ માં સ્થાપના કરી.

ત્યારપછી રવિશંકર મહારાજ અને મુનિ સંતબાલજીને મળ્યા અને બનાસકાંઠામાં સ્થાપિત હિતો સામે "જિલ્લા ખેડૂત મંડળ"ની સ્થાપના કરી.૧૯૪૭માં ભારત આઝાદ થયું.રાજાઓ અને નવાબોનાં રજવાડાં ગયાં પણ.....

બનાસકાંઠા નવાબના બેંતાલીસ જાગીરદારોએ એમના કરવેરા ચાલુ રાખ્યા હતા ! વચલો રસ્તો કાઢી ગલબાભાઈએ જાગીરદારોના ભલા માટે “ઉધેડું” કાઢી મધ્યસ્થી કરી.૧૯૫૨ માં દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ધારાસભ્ય બન્યા.એ વખતે ખેડૂતોના ભલા માટે નળાસર ટીંબાચૂડી ઈરીગેશન સોસાયટીની સ્થાપના કરી ખેડૂતોને માટે ખેતી સહકારી સિંચાઈની વ્યવસ્થા કરી ને રસ્ટન એન્જિનોથી ખેતીની સિંચાઈ યોજનાની શરૂઆત કરી.એ પછી મજાદર લિફ્ટ ઈરીગેશન સોસાયટીની સ્થાપના કરી.૧૯૫૪માં હરિજનો માટે વણકર મંડળીઓ ઉભી કરી “ભારત દર્શન”ના પ્રવાસો કરાવ્યા.

શ્રી રઘુવીર ચૌધરીના શબ્દોમાં કહીએ તો “ગલબાકાકાની જિંદગી તો ઉત્તર ગુજરાતની એક વિરલ ઘટના છે”-એમ કહી શકાય.આજે સ્વ.ગલબાકાકા યાને બનાસકાકાની પ્રતિમા બનાસડેરીના પ્રાંગણમાં એમના સાકાર થયેલાં સ્વપનોની સાક્ષી પુરે છે.

- **શ્રી શંકરભાઈ ચૌધરી (ભૂતપૂર્વ ડાયરેક્ટર, આર્ટ્સ કોલેજ વડગામ).**

# ટીફીન સેવા થકી માનવસેવાનું પ્રશંસનિય કાર્ય.










વડગામ તાલિકાના પીલુચા ગામે જનેતા આશ્રમના માધ્યમથી સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમસ્ત મહાજન મુંબઈ, જનેતા આશ્રમ મિત્ર મંડળના સહયોગ થકી જરૂરિયાતમંદ લોકોને સવાર-સાંજ ટીફીન સેવા થકી માનવસેવાનું ઉત્તમ કાર્ય થઇ રહ્યુ છે. ઉપરાંત અનાથ દિકરીઓને શિક્ષણ હેતુ શૈક્ષણિક કીટ આપી શિક્ષણ હેતુ સહયોગ આપવામાં આવી રહ્યો છે. જનેતા આશ્રમ સંચાલક શ્રી બાબુજી સરદારજી સોલંકી દાતાશ્રીઓના સહયોગ થકી માનવસેવાનું ઉત્તમ અને પ્રેરક કાર્ય કરી રહ્યા છે. પોતાના ખેતરની જગ્યામાં અનાથ દિકરીઓને રહેવા જમવાની ઉત્તમ સુવિધા મળી રહે તે હેતુ તેઓ સક્રિયપણે લોક સહકાર થકી જરૂરી સુવિધાઓનું નિર્માણ કાર્ય પણ કરી રહ્યા છે. માનવ સેવા થકી ઈશ્વરીય કાર્ય કરી રહેલા શ્રી બાબુજી સોલંકી તેમજ સહયોગી તમામા દાતાશ્રીઓને અરુણોદય પ્રકાશન અને www.vadgam.com અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે. **( સમ્પર્ક :- +91 94275 35005)**

# મહારાણા પ્રતાપ ગ્રુપની ઉમદા સેવાકિય પ્રવૃતિઓ.




જન સેવા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત મહારાણા પ્રતાપ સેવા ગ્રૂપ બનાસકાંઠા જે ગ્રૂપ માં તમામ સમાજ ના અને તમામ ધર્મ ના લોકો જોડાયેલા છે. રક્તદાન કેમ્પનું આયોજન તેમજ રક્તદાન સેવા ૧૦૮ અંતર્ગત બનાસકાંઠા માં કોઈ પણ હોસ્પિટલ માં કોઈ પણ વ્યક્તિ ને બ્લડ ની જરૂરત પડે તો મહારાણા પ્રતાપ સેવાટીમ તાત્કાલિક જરૂરિયાતમંદ વ્યક્તિને રક્તની જરૂરિયાત પુરી પાડવા સતત પ્રયત્નશીલ રહે છે ઉપરંત મહેસાણા, પાટણ, અહમદાવાદમાં આવેલી હોસ્પિટલોમાં જઈને પણ જરૂરિયાતમંદ વ્યક્તિને રક્ત પુરૂ પાડવાની સેવા આપવમા આવે છે.

ભુખ્યા સુધી ભોજન પહોચાડવાના શુભ આશયથી વડગામ આજુબાજુ ના ગામડાઓમાં શુભપ્રસંગમાં વધેલ ભોજન સ્વ ખર્ચે જરૂરિયાત મંદ સુધી પહોંચાડવા નું કામ મહારાણા પ્રતપ સેવા ગ્રુપના માધ્યમથી થઈ રહ્યુ છે. ભાદરવી પૂનમે અંબાજી પગપાળા યાત્રિકો માટે સેવા કેમ્પ દર વર્ષે દિવાળી પર 1500 કિલો થી વધુ મીઠાઈ શુદ્ધ ઘી માં જાતે બનાવી ને જરૂરિયાત મંદ આંતરિયાળ વિસ્તાર માં પહોંચાડે છે. ઉનાળા ની ગરમી માં મફત પક્ષી ઘર અને કુંડા નું વિતરણ કરવા માં આવે છે વૃક્ષારોપણ જેવા કાર્યક્રમ જરૂરિયાત મંદ બાળકો ને ચંપલ વિતરણજરૂરિયાત મંદ બાળકો ને શિક્ષક કીટકોઈ નો જન્મદિવસ હોઈ તો જરૂરિયાત મંદ બાળકો ને મદદ કરી ઉજવણી કરવાની આવી અનેક સેવાકીય પ્રવ્રુતિઓ જંસેવા ચેરીટેબલ ટ્રસ્ટ - બનાસકાંઠા સંચાલિત મહરાણા પ્રતાપ સેવા ગ્રુપ દ્વારા કરવામાં આવે છે. મહારાણા પ્રતાપ સેવા ગ્રુપ બનાસકાંઠાને અરુણોદય પ્રકાશન અને www.vadgam.com અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે. **( સંમ્પર્ક : - 9825986382 / 7096272350 )**

# આત્મહત્યા નિવારણ ફોરમ

હે મિત્રો ,

આપઘાત માત્ર સ્વજનો ને નહિ પુરા સમાજ ને નુકસાન કરે છે.

આપઘાત એ જિંદગી વધુ ખરાબ થવાની શક્યતાઓ નો અંત નથી , આપઘાત એ ભવિષ્ય માં જિંદગી વધુ સારી થવાની શક્યતાઓ નો અંત છે...

બીજા શબ્દોમાં કહીએ તો આપઘાત કરવો એ ઈન્ટરવાલમાં ફિલ્મ છોડી જવા જેવું છે - શક્ય છે કે ઈન્ટરવલ પછીની ફિલ્મ રસપ્રદ પણ નીકળે.... એટલે ધીરજ રાખો હિંમત રાખો પરંતુ આજકાલ સમાજ માં સામન્ય બાબતો મોં સમાજ નું યુવાધન આત્મહત્યા કરી રહ્યું છે જે ખબુજ ગંભીર છે - આત્મહત્યા એ કોઈ અંતિમ ઉકેલ નથી પરંતુ વિનાશ છે તેનાથી પરિવાર કુટુંબ અને સમાજ ને નુકસાન જ થાઈ છે માટે અમે સમાજ ના યુવાનો ને કહીયે છીએ કે આત્મહત્યા ના કરી લડતા શીખો સંઘર્ષ કરો હિંમત રાખો પરંતુ આત્મહત્યા રૂપી કમજોર પગલું ના ભરો અને તમને કોઈ પણ સમસ્યા ( પારિવારિક , આર્થિક , સામજિક કે કોઈપણ ) હોય આપ નિશ્ચિત રહી અમારો સંપર્ક કરો અમે આપની પડખે રહી સમસ્યાઓ ના સમાધાન માટે મદદ કરીશું અને હા આપની ઓળખ પણ ગુપ્ત રહશે....

યાદ રાખો -
" મહત્તા છે જીવનના સંકટો ને પાર કરવા માં;
ભલે મઝધાર બાકી છે , ભલે તોફાન બાકી છે "

તો ,
ચાલો જાતને ફરી અજમાવીએ,
નવી ગિલ્લી ,નવો દાવ...

**સમ્પર્ક સુત્ર :**
**મહેશ લાલપુરા : 9904999415 - 9106407733**





અમારી નવિનત્તમ ઈ-પત્રિકા

"અરુણોદય"




vadgam.com/arunoday

**અરુણોદય પત્રિકાની**
**PDF નિયમિત મેળવવાં માટે**
આપેલ લિંક વિઝીટ કરો
અથવા
**9429407732**
નંબર પર વોટ્સએપ કરો.
અથવા
**myvadgam@gmail.com**
પર ઇ-મેઇલ મોકલો.



નીતિન એલ. પટેલ

www.readnitin.in
nitin_patel_vadgam
nitesh.l.patel
@nitin2550

# જન સેવા એ જ પ્રભુ સેવા ગ્રુપ ની સેવાકીય પ્રવૃત્તિઓ.

**બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર સ્થિત જન સેવા એ જ પ્રભુ સેવા ગ્રુપની સ્થાપના તા. ૩૦.૦૮.૨૦૧૨ ના રોજ એક સમાન વિચારો વાળા મિત્રો ભાઈચારો કેળવીને પવિત્ર ભાવથી સેવાના , પર્યાવરણના દેશ સેવાના , જીવદયાના , જન સેવાના વિવિધ કાર્યો કરી શકે તે હેતુથી શ્રી જયેશભાઈ સોની દ્વારા કરવામાં આવી હતી.**

નેત્રદાન, દેહદાન, રક્તદાન જાગ્રુતિ અભિયાન દ્વારા અનેક જરૂરિયાતમંદ લોકોને ગ્રુપ મદદરૂપ બન્યુ છે. જન સેવા ગ્રુપ અને હીરાબા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે જિંદગી ના મીલેગી દુબારા નામે હેલ્પ લાઇન ચલાવવામાં આવે છે જેના માધ્યમથી કાઉન્સેલિંગ કરી અનેક લોકોને આત્મ હત્યા કરતા અટકાવ્યા છે. ગૌ સેવા યજ્ઞ અંતર્ગત ઘાયલ-બીમાર ગાયોની એમ્બ્યુલંસ બોલાવીને સારવાર કરવામાં આવે છે, ઘાસચારો પુરો પાડવામાં આવે છે. જનસેવા ગ્રુપના મિત્રોના જન્મ દિવસની સેવાદિન તરીકે ઉજવણી કરવામાં આવે છે. યુવાનો સાહસિક બને તે માટે ટ્રેકિંગના નિયમિત કેમ્પ કરવામાં આવે છે. ઉતરાયણના તહેવારોમાં વિવિધ શાળાઓમાં પતંગ- દોરી, ચીકી, લાડુનું વિતરણ કરવામાં આવે છે.

કોરોના સમયે રૂ. ૧,૦૦,૦૦૦ની ૫૦૦ કરતા વધુ ઘર ઉપયોગી વસ્તુઓની કીટો જરૂરિયાતમંદ પરિવારોને આપવામાં આવી હતી. દાતાઓના સહયોગથી અલગ અલગ ૧૦ ગામો તથા મંદિરોમાં સિમેન્ટના ટકાઉ બાંક્ડાની વ્યવસ્થા કરવામાં આવી છે.જન સેવા ગ્રુપ દ્વારા જી ડી મોદી સાયન્સ, કોમર્સ, આર્ટસ કોલેજ સાથે MOU કરાર કર્યા છે જે અંતર્ગત વિધ્યાર્થીઓને ટ્રેકિંગ, પર્યાવરણ પ્રોજેક્ટનું આયોજન સાથે વિવિધ સેમિનાર યોજવામાં આવે છે. મહિલા કલાનિધિ ટ્રસ્ટના સહયોગથી ચુલાપાણી, છાપરા (આદિવાસી વિસ્તાર)નું ગામ દત્તક લેવામાં આવ્યુ છે, ત્યાં વિકાસની વિવિધ પ્રવ્રુતિઓ કરવામાં આવે છે, શાળાના બાળકોના લાભાર્થે અને ગ્રામજનોના લાભાર્થે ત્યાં અનેક સેવાના કેમ્પ કરવામાં આવ્યા છે. ગ્રુપના પ્રયત્નો દ્વારા ચુલાપાણી અને કર્બેશ્વર મહદેવની ગુફાઓ ટ્રેકિંગ પ્લેસ તરીકે વિકાસ પામ્યુ છે.

ઠંડા પાણીની કાયમી પરબ , ભારત વિકાસ પરિષદ અનાજ કિટ વિભાગ મેગા કેમ્પમાં પ્રોજેક્ટમાં સહયોગી દાતા તરીકે સહયોગ આપે છે.

જન સેવા ગ્રુપના સભ્ય શ્રી બાબુભાઇ સોની દ્વારા બાયડ આશ્રમ (જ્યાં ૨૦૦ મંદ બુધ્ધીની બહનો અને ભાઇઓની સેવા સંભાળ રાખવામાં આવે છે) ત્યાં આજીવન ભોજન તીથીનું દાન લખાવેલ છે. બાયડમાં જનસેવા ગ્રુપના મિત્રોના સહયોગ થકી રૂ. ૧,૦૦,૦૦૦ કરતા વધુની સહાય આપી છે. ઉપરાંત સહયોગ આશ્રમ હિમંતનગર ખાતે જન સેવા ગ્રુપના શ્રી બાબુભાઈ સોની દ્વારા આજીવન ભોજન તિથિનો સહયોગ આપેલો છે જ્યાં ૧૦૦૦ મંદબુધ્ધિ વિક્લાંગ અને નિરાધાર લોકોની આશ્રમ દ્વારા સેવા સંભાળ લેવામાં આવી રહી છે.

**સેવાકીય ઉપરાંત સ્વચ્છતા અને જનજાગ્રુતિ ના અનેકવિધ પ્રેરક અને ઉત્તમ કાર્યો જન સેવા એ જ પ્રભુ સેવા ગ્રુપ દ્વારા થઈ રહ્યા છે.**
**જનસેવા એજ પ્રભુ સેવા ગ્રુપ ને www.vadgam.com અને અરુણોદય અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે,**

# શ્રી બ્ર્હ્માણી વિધ્યાલય વડગામ મુકામે સ્વાતંત્ર્ય પર્વની ઉજ્વણી.



તાલુકા મથક વડગામ સ્થિત શ્રી બ્રહમાણી વિધ્યાલય ખાતે સ્વાતંત્ર્ય પર્વની વિવિધ સાંસ્કુતિક કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી, શાળા પરિવારા દ્વારા સ્વાતંત્ર્ય પર્વ ઉજ્વણી નિમિત્તે ખૂબ જ સુંદર વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. આમંત્રિત મહેમાનોનું શાળા પરિવારા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રગાન અને દેશ ભક્તિના ગીતો તેમજ શાળાના બાળકો દ્વારા પ્રસ્તુત દેશ ભક્તિના સાંસ્કુતિક કાર્યક્રમો થકી શાળા સંકુલમાં ઉપસ્થિત સૌ કોઈ દેશ ભકિત ના રંગે રંગાઈ ગયા હતા. દેશને આઝાદી અપાનવાર અઝાદીના લડવૈયાઓ અને વિર શહિદોની દેશ માટે આપવામાં આવેલી કુરબાનીને યાદ કરવામાં આવી હતી . કોઈ પણ જાતી - ધર્મના ભેદભાવ વિના મજબૂત રાષ્ટ્ર નિર્માણ માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો.
અત્રે ઉલ્લેખનિય છે કે શ્રી બ્ર્હમાણી વિધ્યાલય છેલ્લા કેટલાક વર્ષોથી વિવિધ ઉત્તમ શૈક્ષણિક પ્રવૃતિઓ થકી વડગામ તાલુકાના શૈક્ષણિક જગતમાં નામના નોંધપાત્ર નમના પ્રાપ્ત કરી રહી છે,

જળવાયુ પરિવર્તન ફળસ્વરૂપ વરસાદ વધુ તો પડશે પણ વરસાદના દિવસો ઓછા થઈ જશે એનો મતલબ જ્યારે અને જે પણ સ્થળે વરસાદ વરસે એના પાણીને સંગ્રહ કરવાનો યથા શક્તિ પ્રયાસ કરવો પડશે.

# ભારતીય એરફોર્સમાં કાર્યરત યુવાનોનું સન્માન




ભારતીય એરફોર્સમાં ફરજ બજાવતા  તાલુકા મથક વડગામના યુવાનો શ્રી મહેશ પ્રજાપતિ અને શ્રી સાગર ચૌધરીનું ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યુ હતું.




નેચર ગ્રુપની ઓપન એક્સેસ જર્નલ સાઈન્ટિફિક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે ફુલોની સુંગધ બાળકોની ભણતરની ક્ષમત્તાને સુધારી શકે છે. બાળકોની આસપાસ રહેલી ખુશ્બુ અથવા તો સુગંધ તેને અભ્યાસ માટે પ્રેરિત કરે છે.